eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 179
February 06, 2009

## સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઝોન ઉધના ખાતે સુમન શાળા તેમજ ભેસ્તાન ખાતે કોમ્યુનીટી હોલ અને વોર્ડ ઓફિસની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઝોન ઉધના ખાતે સુમન શાળા તેમજ ભેસ્તાન ખાતે કોમ્યુનીટી હોલ અને વોર્ડ ઓફિસની ખાતમુહૂર્તવિધિ તા.૦૫–૦૨–૨૦૦૯નાં રોજ સવારે જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદહસ્તે, મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે"

સુરત મહાનગરપાલિકા ધ્વારા કાર્યક્મના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૧૯,૮૯૯ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન વિસ્તારની કામગીરી

સુરત શહેર સગરામપુરા – માળીફળિયા ખાતે આવેલ વાર્ડ નં. ૨, નોંધ નં. ૨૮૮૭ વાળી મિલકતનાં મિલકતદાર ધ્વારા સે. ઝોન /આ. નં. /૧૩૨ તા. ૩/૭/૨૦૦૮ થી મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ માર્જીન કવર કરી ત્રીજા માળે વધારાનું ગેરકાયદેસર બાંધ કામ શરૂ કરવામાં આવેલ. જે અનુસંધાને ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઝોન ઉધના ખાતે સુમન શાળા તેમજ ભેસ્તાન ખાતે કોમ્યુનીટી હોલ અને વોર્ડ ઓફિસની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા સાઉથ ઝોન ઉધના ખાતે સુમન શાળા તેમજ ભેસ્તાન ખાતે કોમ્યુનીટી હોલ અને વોર્ડ ઓફિસની ખાતમુહૂર્તવિધિ તા.૦૫–૦૨–૨૦૦૯નાં રોજ સવારે જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાલાના વરદહસ્તે, મા. મેયરશ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ.

ઉધના ઝોન ખાતે વિજયાનગર, સ્ટેડીયમની બાજુમાં ઉધના, સુરત ખાતે સાકારિત થનાર સુમન શાળા (મરાઠી માધ્યમ)ગ્રાઉન્ડ ફ્લોર તેમજ ૧ માળની બાંધવામાં આવનાર છે. સદર સંકુલમાં વર્ગખંડ–૧૦, સભા ખંડ–૧, પ્રિન્સીપાલ રૂમ–૧, સ્ટાફ રૂમ–૧, કલાર્ક રૂમ–૧, લેબોરેટરી–૦૧, લાયબ્રેરી, કોમ્પ્યુટર,ડ્રોઈંગ રૂમ–૧, સ્ટોર, પગી રૂમ–૧, વોટર રૂમ–૪, જેન્ટસ અને લેડીઝ ટોયલેટ બ્લોક–૪, વિકલાંગ ટોયલેટ બ્લોક–૧, અંડર ગ્રાઉન્ડ ટાંકી – ૧૦,૦૦૦ લીટર, ઓવર હેડ ટાંકી–૫,૦૦૦ લીટર, બાંધકામનુ કુલ ક્ષેત્રફળ ૨૩,૯૪૩.૧૫ ચો. ફુટ, બાંધકામમાં થનાર અંદાજીત કુલ ખર્ચ રૂા.૧,૨૬,૭૦,૬૨૮.૦૦. સુરત મહાનગરપાલિકાએ કરવાની ફરજીયાત કામગીરી ઉપરાંત મરજીયાત કામગીરીમાં પણ અવ્વલ રહી પ્રાથમિક શિક્ષણ ઉપરાંત માધ્યમીક શિક્ષણ પણ ઈતર ભાષાના લોકોને પુરુ પાડતી અગ્રેસર સંસ્થા છે.

ભેસ્તાન ખાતે સાકારિત થનાર કોમ્યુનીટી હોલ નું બાંધકામ ક્ષેત્રફળ ૨૭૦૭.૦૬ ચો. ફુટ , અલાયદુ કીચન, લેડીઝ અને જેન્ટસ ગ્રીન રૂમ, લેડીઝ અને જેન્ટસ ટોયલેટ બ્લોક, ઓફિસ તેમજ વોટર રૂમની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે. વોર્ડ ઓફિસમાં ઈજનેરી વિભાગની ઓફિસ–૦૧, આરોગ્ય વિભાગની ઓફિસ–૦૧, ફાઈલેરીયા વિભાગની ઓફિસ–૦૧, ઈજનેરી, આરોગ્ય અને ફાઈલેરીયા દરેક વિભાગનો અલાયદો ૦૧– સ્ટોર રૂમ. લેડીઝ અને જેન્ટસ ટોયલેટ બ્લોક–૦૧ તેમજ વોટર રૂમનું આયોજન કરવામાં આવેલ છે. અંડરગ્રાઉન્ડ ટાંકી જેની ક્ષમતા ૧૦,૦૦૦ લીટરની છે તેમજ ઓવર હેડ ટાંકીની ક્ષમતા ૫,૦૦૦ લીટર છે. બાંધકામનું કુલ ક્ષેત્રફળ ૭૧૩૭.૮૬ ચો. ફુટ, બાંધકામનો અંદાજીત ખર્ચ રૂા.૪૯,૪૭,૯૧૬.૦૦.

આ સુવિધાના આયોજન થકી આ વિસ્તારની જનતાની સામાજીક જવાબદારી પૂર્ણ કરવામાં સુરત મહાનગરપાલિકા સહભાગી થશે તેમજ તેમના રોજ–બ–રોજની સમસ્યા દુર કરવા માટે વોર્ડ ઓફિસનું આયોજન કરી બહુઉદ્દેશીય હેતુ પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

આ સમારંભમાં શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, અધિકારી/કર્મચારી ગણ, મ્યુ. સદસ્યશ્રીઓ તેમજ વિશાળ જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP

## ''નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે''

સુરત મહાનગરપાલિકા ધ્વારા કાર્યક્મના પ્રથમ દિવસે ૫ વર્ષ સુધીના ૪,૧૯,૮૯૯ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી.

બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે સુરત મહાનગર પાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ ૨૩૫૩ રસીકરણ બુથ તથા મોબાઈલ /ટ્રાન્ઝીટ ટીમ મળી કુલ– ૨૬૨૫ ટીમો મારફતે પાંચ વર્ષ સુધીનો ઉંમરના બાળકોને પોલિયોની રસી પીવડાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્મના પ્રથમ દિવસે રસીકરણ કેન્દ્ર પર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે (સેન્ટ્રલ ઝોન સિવાય) આરોગ્ય કાર્યકરો ઘરે ઘરે ફરીને પાંચ વર્ષ સુધીની ઉમરના બાળકોને પોલીયોની રસી પીવડાવશે.

''નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે'' નિમીત્તે યોજવામાં આવેલ સઘન બાળલકવા નાબુદી અભિયાનના આજના પ્રથમ દિવસે પાંચ વર્ષ સુધીના ૪,૧૯,૮૯૯ બાળકોને પોલિયોના ડોઝ પીવડાવવામાં આવ્યા હતા. પાંચ વર્ષ સુધીના બાળકોની અંદાજીત સંખ્યા ૬,૩૦,૮૦૦ છે. આમ કુલ ૬૬.૫૭ % કામગીરી પ્રથમ દિવસના અંતે કરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકા મારફતે આ કામગીરી માટે ૨૮ શહેરી આરોગ્ય કેન્દ્રને ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર તરીકે નિયત કરવામાં આવ્યા હતા. જેમાં ૬૦ મેડીકલ ઓફિસરો, ૪૯૩ સુપરવાઈઝરો ૨૬૨૫ પેરા મેડીકલ વર્કરો તથા ૭૮૦૦ થી વધુ સહાયક કર્મચારીઓ ભાગ લીધો હતો. સુરત મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગના કર્મચારીઓ ઉપરાંત સ્મીમેર તથા ગર્વમેન્ટ મેડિકલ કાલેજના મેડિકલ સ્ટુડન્ટ, ગર્વમેન્ટ મેડીકલ કાલેજ, અશકતાશ્રમ હોસ્પીટલ તથા મિશન હોસ્પીટલના નર્સીંગ સ્ટુડન્ટ, નીરવ મહિલા મંડળની બહેનો, એસ. આઈ. કોલેજના સ્ટુડન્ટ શહરેના વિવિધ મેડિકલ એસો. તથા અન્ય સેવા ભાવી સંસ્થાના સહયોગીઓએ ભાગ લઈ પોલિયો કાર્યક્મમાં સહભાગી થયા હતા. સુરત /ઉધના રેલ્વે સ્ટેશન, એસ. ટી. ડીપો,નેચર પાર્ક, શોપીંગ મોલ ખાતે બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત મોબાઈલ ટીમ ધ્વારા સુરત શહેર પ્રવેશ પાસેનો વિસ્તાર, રોજમદાર મજૂરોની કામચલાઉ વસાહતો, ઘર વિહોણા ફુટપાથ વાસીઓ વગેરેને પણ આવરી લેવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશનર કુ. એસ. અપર્ણાના આદેશાનુશાર ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પીટલ)ડો. આઈ.સી. પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ ધ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ** નાગરીકોને વિનંતી કરવામાં આવે છે કે પોલિયોની રસીથી વંચિત રહી ગયા હોય તેવા બાળકોને તાઃ ૦૨(સોમવાર), તાઃ ૦૩(મંગળવાર) તથા તાઃ ૦૪ (બુધવાર)ફેબ્રુઆરીના રોજ મહાનગરપાલિકાના આરોગ્ય કાર્યકરો જયારે તમારા વિસ્તારમાં આવે ત્યારે પોલિયોનાં ડોઝ પીવડાવી બાળકને સંપૂર્ણ રક્ષિત કરશો અને બાળ લાકવા નાબુદી ઝુંબેશમાં સહભાગી બનશો.

TOP

## સેન્ટ્રલ ઝોન વિસ્તારની કામગીરી

સુરત શહેર સગરામપુરા – માળીફળિયા ખાતે આવેલ વાર્ડ નં. ૨, નોંધ નં. ૨૮૮૭ વાળી મિલકતનાં મિલકતદાર ધ્વારા સે. ઝોન /આ. નં. /૧૩૨ તા. ૩/૭/૨૦૦૮ થી મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ માર્જીન કવર કરી ત્રીજા માળે વધારાનું ગેરકાયદેસર બાંધ કામ શરૂ કરવામાં આવેલ. જે અનુસંધાને, આજરોજ સુરત મહાનગરપાલિકાનાં શહેર વિકાસ વિભાગ ધ્વારા દબાણ સ્ટાફની મદદથી ત્રીજામાળે કુલ –૪૫૦ ચો. ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવસો દૂર કરી, આશરે ૭૦૦ ચો. ફુટ આર. સી. સી. સ્લેબ તોડવાની કામગીરી હાથ ધરી, મિલકતદાર શ્રી અબ્દુલ હમીદ અબ્દુલ રહેમાન મલ પાસે થી રૂા.૧૨,૦૦૦/–(રૂપિયા બાર હજાર) પૂરા વહીવટી ચાર્ટ પેટે વસુલ લેવામાં આવેલ છે.

TOP